દાખલ તારીખ :– ૨૨/૧૨/૨૦૨૨
રજિસ્ટર તારીખ :– ૨૨/૧૨/૨૦૨૨
નિકાલ તારીખ :– ૩૦/૧૧/૨૦૨૪
સમયગાળો <u>વર્ષ માસ દિવસ</u>

--- --- --- --- ---- ---- - ---- --- --- --- ---

**ભચાઉના મહે. અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રટ સાહેબની કોર્ટમાં,**
**મુ.તા.ભચાઉ–કચ્છ.**

--- --- --- --- ---- ---- --- -- ---- -- --- ---

**ફોજદારી કેસ નંબર–૧૨૧૭/૨૦૨૨**

--- --- --- --- ---- ---- --- --- --- ---- - ---

**આંક : –૨૩**

**ફરીયાદી :** **શ્રી સરકાર.**

**વિરુદ્ધ**

**આરોપી :** હાજી મામદ હિગોરજા
ઉ.વ. પુખ્ત, ધંધો–ડ્રાઈવીંગ
રહે.વરસાણા, તા–અંજાર–કચ્છ.

--- --- --- --- ---- ---- --- --- --- --- ---

ફરીયાદ પક્ષ તરફે વિ. એપીપીશ્રી બી.એસ.વીઠલાણી
આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી વી.પી.ગઢવી

--- --- --- --- ---- ---- ---- --- --- --- ---

**ગુનો : ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા**
**મોટર વ્હીકલ એકટ–૧૭૭, ૧૮૪ મુજબનો**

--- --- --- --- ---- ---- ---- --- --- --- ---

**– : : <u>ચુકા દો</u> : : –**

**(૧)** આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા–૨૪/૦૭/૨૦૨૦ના કલાક–૨૨/૦૦ વાગ્યાના સમય દરમ્યાન માધવ પેટ્રોલપંપ પાસે, ભચાઉ થી ગાંધીધામ રોડ ખાતે આ કામના ફરિયાદીની ટ્રકના ચાલક

આરોપીએ પોતાના કબજાનુ વાહન (ટ્રક–ટેન્કર) જેનો રજી. નં.GJ12-BV-0555 ની પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી આગળ જતી ટ્રકમાં અથડાવી અકસ્માત કરી પોતાને ફ્રેકચર સહીતની ઓછીવતી ઈજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ હોય આરોપી સામે પોલીસે આક્ષેપિત ગુનો નોંધી, તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા, આરોપી વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે બાદ આરોપી વિરૂધ્ધના ગુનાનું સંજ્ઞાન લઈ તે મુજબ સમન્સ કાઢવાનો આદેશ કરેલ છે અને ચાર્જશીટ રજીસ્ટરે લેવાનો પણ આદેશ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સની બજવણી થતા, આરોપી હાજર થતાં, તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી ન્યાયધીશ સાહેબે આરોપીની <u>આંક–૫ થી પ્લી</u> રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીએ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| **<u>ક્રમ</u>** | **<u>સાહેદનું નામ</u>** | **<u>આંક</u>** |
|---|---|---|
| ૧. | સાહેદ હનીફ મોહંમદ હીગોરજાની જુબાની | ૦૭ |
| ૨. | પંચ સાહેદ હરેશ કરણાભાઈ વરચંદની જુબાની | ૦૮ |
| ૩. | ત.ક.અ. મયુરસિંહ હરીશચંન્દ્રસિંહ ઝાલાની જુબાની | ૧૯ |

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| **<u>ક્રમ</u>** | **<u>દસ્તાવેજની વિગત</u>** | **<u>આંક</u>** |
|---|---|---|
| ૧. | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૨. | ફરીયાદ | ૨૦ |
| ૪. | ઈજાનુ પ્રમાણપત્ર | ૨૧ |
| ૫. | મહેતા હોસ્પીટલનુ પ્રમાણપત્ર | ૨૨ |

(૪)આ કામે હાજર આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નીવેદન નોંધવામાં આવતા ફરિયાદપક્ષના કેસની હકીકતો ખોટી હોવાનું, બચાવના સાક્ષી તપાસવા નહી હોવાનું અને સોગંદ પર પુરાવો નહી આપવાનું જણાવી પોતે નિર્દોષ હોવાનુ કથન કરેલ છે.

(૪.૧)ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એપીપી શ્રીની દલીલો સાંભળી. આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ સાંભળી.

(૫) ફરિયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.** (૧). શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા–૨૪/૦૭/૨૦૨૦ના કલાક–૨૨/૦૦ વાગ્યાના સમય દરમ્યાન માધવ પેટ્રોલપંપ પાસે, ભચાઉ થી ગાંધીધામ રોડ ખાતે આ કામના ફરિયાદીની ટ્રકના ચાલક આરોપીએ પોતાના કબજાનુ વાહન (ટ્રક–ટેન્કર) જેનો રજી. નં.GJ12-BV-0555 ની પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી આગળ જતી ટ્રકમાં અથડાવી અકસ્માત કરી પોતાને ફેકચર સહીતની ઓછીવતી ઈજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો કરેલ

છે ?

(૨). શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧).** નકારમાં.
**મુદ્દા નં. (૨).** આખરી હુકમ મુજબ.

**–: <u>નિર્ણયના કારણો</u> :–**

**(૭) મુદ્દા નં.૧ તથા ૨ ના કારણો : –**

**(૭.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

**(૭.૨)**આરોપી સામેનો આક્ષેપીત ગુનો વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે <u>સાહેદ હનીફ મોહંમદ હીગોરજા નાઓને આંક–૦૭ થી</u> તપાસવામાં આવેલ છે જેઓનો પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો બનાવ ચાર એક વર્ષ પહેલા બનેલો તેની તારીખ ખબર નથી. તે સમયે હું મારા ઘરે સુંદરપુરી ગાંધીધામ હતો. રાતે આશરે ૧૨:૩૦ના અરસામાં અજાણયા નંબર પરથી મને ફોન આવેલો અને કહેલુ કે, તમારાભાઈ હાજીમામાદ હીંગોરજાનું એકસીડન્ટ થયેલ છે. તેવા સમાચાર મળતા હું મારુ મોટર સાયકલ લઈને અકસ્માતવાળા સ્થળ ભચાઉ બ્રીજથી આગળ માધવ પ્રેટ્રોલ પમ્પ આગળ બનેલો હતો. ત્યાં આવીને જોયુતો મારોભાઈ હાજી મામદને પગમાં તથા હાથમા ઈજા થયેલી હતુ તેથી તેને વાગડ વેલ્ફેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવેલા

અને ત્યાંથી તેને ગાંધીધામ વધુ સારવાર માટે લઈ ગયેલા. મારાભાઈને પુછપરછક રતા તેણે જણાવેલુ કે,આ એકસીડન્ટ આગળ જતા એક ટ્રેલરવાળાએ બ્રેક મારતા તેણે પણ પોતાની ગાડીને બ્રેક મારેલી એટલે એકસીડન્ટ થયેલો. મારાભાઈની કઈ ગાડી હતી તેની મને ખબર નથી. ટ્રેલરનો તથા મારાભાઈની ગાડીનો નંબર મને ખબર નથી. દવાખાને પોલીસના સાહેબ આવેલા અને તેમણે પુછપરછ કરી મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી. આ સિવાય હું બીજું કશુ જાણતો નથી.<u>જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં</u> એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વખતે હું ઘરે હતો તેથી બનાવ બાબતે મને કોઈ માહીતી નથી. એ વાત ખરી છે કે, ટ્રેલરવાળાએ અચાનક બ્રેક મારતા ટ્રેલરવાળાની બેદરકારીને કારણે આ બનાવ બનેલાનું મે જાણેલુ. એ વાત ખરી છે કે,પોલીસે મારુ માત્ર નામ સરનામું પુછેલુ અને મને સહી કરવાનું કહેતા મે સહી કરેલી.

**(૭.૩)**વધુમાં, ફરિયાદપક્ષ તરફે <u>પંચ સાહેદ હરેશ કરણાભાઈ વરચંદનાઓને આંક-૦૮ થી</u> તપાસવામાં આવેલ છે જેઓનો પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો હું પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી. પોલીસે મારી હાજરીમા કોઈ કામગીરી કરેલ નથી. મને સહી કરવાનુંક હેતા મે સહી કરી આપેલી. મને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે, તેમાં મારી સહી છે. જે હું ઓળખુ છુ જે પંચનામું રજુ દાખલ આંક.૯ આ પંચનામા વિશે હું કાઈ જાણતો નથી.આમ સદર સાહેદનો રેકર્ડ પરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓ સરતપાસની જુબાનીમાં <u>ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનરૂપ પુરાવો આપતા ન હોવાથી વિ.એપીપી શ્રી નાએએ તેઓને ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ વિ.એપીપી શ્રીએ તેઓની સઘન ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને લગીરે સમર્થન આપતા નથી.</u>

એ વાત ખરી છે કે, મે તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી છે સહી કર્યા સિવાય હું બીજું કંશુ જાણતો નથી.

**(૭.૩)**વધુમાં, ફરિયાદપક્ષ તરફે <u>ત.ક.અ. મયુરસિંહ હરીશચંન્દ્રસિંહ ઝાલાનાઓને આંક –૧૯ થી</u> તપાસવામાં આવેલ છે જેઓનો પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો તા–૦૭/૦૮/૨૦૨૦ નારોજ ભચાઉ પો.સ્ટે.મા ફરજ પર હાજર હતા મનોજભાઈ હરીભાઈએ તેઓ રૂબરૂ ઈપીકો કલમ–૨૭૯ વિ. મુજબની ગુનાની ફરિયાદ આપતા જે અસલ ફરિયાદ રજુ દાખલ આંક–૨૦ આપેલ છે પી.એસ.ઓ. ભચાઉએ ગુનો રજી. કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લઈ સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરેલ જે આંક–૯ વાળા પંચનામા નીચે મારી સહી તથા પંચોની સહી છે. બાદ સાહેદોના જવાબો લીધેલા તેમજ ઈજા પામનારના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ જે રજુ દાખલ આંક–૨૧ અને ૨૨. બાદ આ કામે આરોપી સ્વખુશી હાજર થતા તેને આ ગુના કામે અટક કરી પોલીસ જામીન ઉપર મુકત કરેલા. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખુ છે જે આજરોજ કોર્ટમાં હાજર નથી. ઓળખની તકરાર જતી કરેલ છે. <u>જયારે આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં</u> એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે આ ગુના કામે ફરિયાદી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે ફરિયાદમાં લખ્યા મુજબનો કહેવાતો બનાવ બનેલો તે જગ્યાએ વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે હાઈવે પર હોટલો આવેલી છે અને જે હાઈવે ઉપર સામાન્ય રીતે સતત વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે ફરિયાદીએ વીમો પકાવવા માટે હાલની ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે આગળ જતી ટ્રેલરના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતા હાલનો બનાવ બનેલો. એ વાત ખરી છે કે ગુના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

(૮) આમ, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ : ૧૭૭, ૧૮૪ મુજબનો આક્ષેપ છે ત્યારે આ ગુનાની જોગવાઈ જોતા મજકુર ગુનાના કામે આરોપીને કસુરવાર ઠરાવવા ફરીયાદપક્ષે હાલના આરોપી જાહેર રસ્તા ઉપર બેફામપણે બેદરકારીપૂર્વક માનવીય જીંદગી જોખમમા મુકાઈ અથવા કોઈ વ્યકિતને વ્યથા કે હાની થવાનો સંભવ હોય અને પોતાના બેફામપણા અને બેદકારીભર્યાકોઈ કૃત્યથી ઈજા પામનારને ઈજા પહોચાડેલ હોય તે હકીકતને સીધા કે સાંયોગીક પુરાવાથી વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનુ રહે છે. વધુમાં આ કામે ફરિયાદીને વારંવાર સમન્સ/વોરંટ કરવા છતાં તેઓ હાજર રહેતા ન હોય તેમને તપાસી શકાયેલ નથી. વધુમાં આ કામે આરોપીને ગુનામાં સાંકળી તકસીરવાર ઠરાવી શકાય તેવો કોઈ જ સચોટ પુરાવો રજુ થયેલ નથી જયારે આ કામે તપાસવામા આવેલ સાહેદો પૈકી કોઈપણ અકસ્માત કરનાર વાહનના નંબર કે ચાલક અંગે કોઈ પુરાવો રજુ કરતા નથી અને આ કામે તપાસેલા તમામ સાહેદોએ બનાવ સમયે હાજર હોય અને બનાવને નજરોનજર જોયેલ હોય તેવો કોઈ જ સચોટ પુરાવો આપેલ નથી. અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી.સદરહુ તપાસેલા સાહેદો પૈકી કોઈએ પણ બનાવ નજરે જોયેલ નથી. આમ ઉપરોકત રજુ સાહેદોએ નામ.કોર્ટ સમક્ષ આપેલ સોગંદ પરની જુબાની તથા ઉલટતપાસ ધ્યાને લેતા હાલનો બનાવ આ કામના આરોપીએ વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આમ બનાવ હાલના આરોપીની બેદરકારીના કારણે બનેલ હોવાનું પુરવાર થતું નથી.આમ સમગ્ર પુરાવો જોવામા આવે તો ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તેમાં આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો પુરાવો રજુ થતો નથી.વધુમાં આ કામે આરોપીએ મોટર વ્હીકલ એકટ હેઠળની જોગવાઈ મુજબનો કોઈ ગુનો કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી.

(૯) આમ, રેકર્ડ પરનો ઉપરોકત પુરાવો, પુરાવાની ચર્ચા, પુરાવાનુ વિશ્લેષણ તથા પુરાવાનુ મુલ્યાંકન ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર રીતે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**૧.** આ કામના આરોપી : હાજી મામદ હિગોરજા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ : ૧૭૭, ૧૮૪ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ થયે જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂા.૫૦૦૦/–ના જામીન રજુ કરવા.

– આ હુકમ આજરોજ તા–૩૦મી , માહે–નવેમ્બર, સને–૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| તારીખ : | ૩૦/૧૧/ ૨૦૨૪. | (દિપક સુર્યકાન્ત ડાભી)<br>અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ<br>ભચાઉ–કચ્છ.<br>કોડ નં–જી.જે.૦૧૦૧૮ |
| સ્થળ : ભચાઉ<br><br>S.G.SONARA<br>Gujarati Steno. | | |